BUSINESS મિત્ર

રોકાણકારોના વધુ રૂ. 10 લાખ કરોડ સ્વાહા, વૈશ્વિક અનિશ્ચિતતા અને નબળા રૂપિયા વચ્ચે માર્ચ મહિનો 2020 પછીનો સૌથી ખરાબ

સેન્સેક્સ વધુ 1635 પોઈન્ટ ગબડ્યો, 72000ની સપાટી તોડી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: ભારતીય શેરબજારમાં આજે ભારે વેચવાલી હાવી રહી હતી. વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે શેરબજારમાં ભારે કડાકો ચાલુ રહ્યો હતો. રૂપિયાને સંભાળવા માટે આરબીઆઈની દરમ્યાનગીરી કરી હતી, પણ રૂપિયાને સંભાળવામા નિષ્ફળ રહ્યા હતા, જેને 95ની સપાટી કુદાવી હતી. વિદેશી રોકાણકારોની ભારે વેચવાલી અને ક્રુડ ઓઈલના તીવ્ર ઉછાળાની અસર શેરબજારમાં જોવા મળી હતી. આમ, શેરબજારમાં માર્ચ મહિનો સૌથી ખરાબ મહિનો રહ્યો હતો, જે કોવિડ બાદ વધુ ખરાબ રહ્યો હતો, જેમાં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં લગભગ 10.5 ટકાનો ઘટાડો જોવાયો હતો. માર્ચ 2020 પછીનો સૌથી ખરાબ રહ્યો હતો. આવતીકાલે મહાવીર જયંતિ નિમિત્તે ભારતીય શેરબજાર બંધ રહેશે.

મેક્રો ઈકોનોમી ડેટા અનુસાર ફેબ્રુઆરી 2026માં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થયો હતો. આઈઆઈપી વાર્ષિક ધોરણે 5.2 ટકા વધ્યો હતો, જે જાન્યુઆરીમાં 4.8 ટકા હતો. જોકે, સારા ઔદ્યોગિક ઉત્પાદનના પ્રદર્શનની શેરબજારમાં કોઈ અસર થઈ નહતી.

નાણાકીય વર્ષ 2026 પણ આજે સોમવારે સમાપ્ત થયું છે. સમગ્ર નાણાકીય વર્ષ સેન્સેક્સ 5.3 ટકા અને નિફ્ટી 3.5 ટકા ઘટ્યો હતો. નાણાકીય વર્ષ 2020 પછી શેરબજારનું આ સૌથી ખરાબ પ્રદર્શન છે. બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને રૂ. 412.44 લાખ કરોડનું થયું છે, જે અગાઉના કારોબારી દિવસ રૂ. 422.15 લાખ કરોડ રૂપિયા હતું. આમ, રોકાણકારોની સંપત્તિમાં લગભગ રૂ. 9.71 લાખ કરોડનો ઘટાડો થયો છે.

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 1635.67 પોઈન્ટ એટલે કે 2.22 ટકા તૂટીને 72000 પોઈન્ટની સપાટી તોડીને 71947.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73165 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71774 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 488.20 પોઈન્ટ એટલે કે 2.14 ટકા તૂટીને 22400 પોઈન્ટની સપાટી તોડીને 22331.40 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22714 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22283 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1999.25 પોઈન્ટ એટલે કે 3.82 ટકા તૂટીને 51000 પોઈન્ટની સપાટી તોડીને 50275.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે આઈઆરબી ઈન્ફ્રામાં 3.72 ગણા, સીસીએલ પ્રોડક્ટસમાં 3.63 ગણા, એજીસ લોજીસ્ટીક્સમાં 2.89 ગણા, વેલસ્પન કોર્પમાં 2.21 ગણા અને ગાર્ડન રીચ શીપબિલ્ડર્સમાં 1.74 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આઈઆરબી ઈન્ફ્રામાં 7.54 ગણા, શેફાયર ફુડસમાં 2.83 ગણા, સેઈલમાં 2.48 ગણા, થર્મેક્સ લિ.માં 2.1 ગણા, અને એચઈજીમાં 2.06 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.51 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2.57 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 881 શેરો વધ્યા હતા, જ્યારે 3558 શેરો ઘટ્યા હતા અને 161 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 166 પોઈન્ટ ઉછળ્યો હતો, જે આજે યુએસ બજારોમાં સકારાત્મક શરૂઆતનો સંકેત આપે છે. ઈરાન યુદ્ધમાં વધુ વધારો અને નબળા આર્થિક ભાવનાના તાજા પુરાવા સાથે રોકાણકારો ઝઝૂમી રહ્યા હોવા છતાં મોટા ભાગના યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે પાંચમા સપ્તાહમાં પ્રવેશેલા મીડલ ઈસ્ટ યુદ્ધના કારણે એશિયન બજારો નીચલા સ્તરે બંધ રહ્યા હતા. સ્પેનમાં રિટેલ વેપાર ફેબ્રુઆરી 2026માં 2.2 ટકા વાર્ષિક ધોરણે વધ્યો હતો, જે જાન્યુઆરીમાં સુધારેલા 3.8 ટકાથી ધીમો પડ્યો હતો અને અપેક્ષાઓ કરતા નીચે હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.84 ટકા, કેક 0.24 ટકા અને ડેક્સ 0.17 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે એશિયન બજારોમાં નીક્કી 3.24 ટકા, સ્ટ્રેઈટસ 0.02 ટકા, હેંગસેંગ 0.82 ટકા, તાઈવાન 1.83 ટકા, કોસ્પી 3.06 ટકા અને જકાર્તા 0.08 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.24 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-1635.67	71947.55
નિફ્ટી	-488.20	22331.40
બેન્ક નિફ્ટી	-1999.25	50275.35

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	2.05	884.45
કોલ ઇન્ડિયા	1.21	450.45
ઓએનજીસી	0.96	284.65
પાવરગ્રીડ	0.20	296.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	5.01	801.55
એસબીઆઇ	3.93	979.40
ઇન્ટરગ્લોબ એવીએશન	3.81	3943.50
બજાજ ફિનસર્વ	3.71	1631.80
એક્સીસ બેન્ક	3.64	1161.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	0.27	296.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	5.09	801.40
એસબીઆઇ	3.95	979.80
ઇન્ટરગ્લોબ	3.80	3943.75
બજાજ ફિનસર્વ	3.71	1631.60
એક્સીસ બેન્ક	3.59	1161.95

રૂપિયો પાંચ પૈસા સુધર્યો

અમદાવાદ, તા. 30: કરન્સી બજારમાં રૂપિયો વધુને વધુ નબળો પડ્યો હતો. આજે ઇન્ટ્રાડેમાં રૂપિયાએ 95ની સપાટી તોડી હતી. આરબીઆઇની દરમ્યાનગીરીના લીધે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. જોકે, આજે ડોલરની સામે રૂપિયો તૂટીને 95.23 સુધી તૂટયો હતો. જે છેલ્લે ડોલરની સામે રૂપિયો પાંચ પૈસા સુધરીને 94.77ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.82ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109, પાઉન્ડ 124.77, કેનેડિયન ડોલર 68.22, ઓસ્ટ્રેલિયન ડોલર 65.43, જાપાનીઝ યેન 0.5947, સીંગાપોર ડોલર 73.51ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.83 રૂ.
યુરો	108.97 રૂ.
પાઉન્ડ	126.77 રૂ.
યેન	0.5947 રૂ.

સરકાર એમએસએમઈ સેક્ટરને મોરેટોરિયમ આપશે

ઇરાન યુદ્ધથી પ્રભાવિત થયેલા એમએસએમઇને ત્રણથી છ મહિના સુધી ઇએમઆઇમાં રાહત આપી શકે

નવી દિલ્હી, તા. 30: સરકાર ઈરાન યુદ્ધ અને ઉર્જા સંકટ વચ્ચે એક મોટું પગલું ભરવાનું વિચારી રહી છે. સરકાર એમએસએમઈને મોરેટોરિયમ આપવા અંગે વિચારણા કરી રહી છે. સરકાર એમએસએમઈને 3થી 6 મહિના સુધી ઈએમઆઈન ચૂકવવાથી રાહત મળી શકે છે. નાણાં મંત્રાલયમાં લોન મોરેટોરિયમ માટે અલગ દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવી છે. ઉદ્યોગ પર ઊર્જા કટોકટીની અસરની સમીક્ષા કરવામાં આવી રહી છે. સમીક્ષા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. ઉદ્યોગ અને નિકાસકારોએ મોરેટોરિયમની માંગ કરી છે, સરકાર એમએસએમઈને ઓક્સિજન આપવા માટે પણ તૈયાર છે. સરકાર ઉદ્યોગો પર ચાલી રહેલા ઉર્જા સંકટની અસરની સમીક્ષા કરી રહી છે. ઊર્જાની વધતી કિંમત અને તેના પુરવઠામાં સમસ્યાઓ વિશે ચિંતા છે. આ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે ભારતના આર્થિક પાયા મજબૂત છે અને અન્ય ઉભરતા બજાર અર્થતંત્રોની તુલનામાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો એકદમ સારૂં પ્રદર્શન કરી રહ્યો છે. લોકસભામાં રૂપિયાના અવમૂલ્યન અંગેના પૂરક સવાલના જવાબમાં નિર્મલા સીતારમણે કહ્યું કે, ભારતની અર્થવ્યવસ્થા મજબૂત છે, આપણી રાજકોષીય સ્થિતિ મજબૂત છે અને આખું વિશ્વ આપણા રાજકોષીય ખાધ વ્યવસ્થાપનની પ્રશંસા કરી રહ્યું છે. આપણું વિદેશી હૂંડિયામણ ભંડાર પણ નક્કર છે. અન્ય ઉભરતી અર્થવ્યવસ્થાઓની તુલનામાં રૂપિયો સારો દેખાવ કરી રહ્યો છે. તે એકદમ બરાબર ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે દક્ષિણ કોરિયન વોન, થાઈ બાહટ અને ફિલિપાઈન્સ પેસો જેવા અન્ય કેટલાક ચલણો અમેરિકન ડોલર સામે વધુ ઘટ્યા છે. તેમાં 4.6 ટકા, 5.5 ટકા અને 4.8 ટકાનો ઘટાડો થયો હતો. નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ એમ પણ કહ્યું હતું કે રૂપિયાનું મૂલ્ય બજાર દ્વારા નક્કી કરવામાં આવે છે અને ઘણા પરિબળોથી પ્રભાવિત થાય છે.

ફેબ્રુઆરીમાં ઔદ્યોગિક ઉત્પાદન (IIP) વધીને 5.2%

મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં 6 ટકાની મજબૂત વૃદ્ધિ, મેન્યુફેક્ચરીંગમાં 23માંથી 14માં પોઝિટિવ ગ્રોથ જોવાયો

નવી દિલ્હી, તા. 30: 30 માર્ચે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, ફેબ્રુઆરી 2026માં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક-આઇઆઇપી વાર્ષિક ધોરણે વધીને 5.2 ટકા થયો છે. અગાઉની ઊંચી સપાટી જાન્યુઆરીમાં 4.8 ટકા હતી. આ નોંધપાત્ર ઉછાળો અને તેનો સૌથી મોટો શ્રેય મેન્યુફેક્ચરિંગ કામગીરીમાં આવેલી શાનદાર તેજી છે, તો ખાણકામ અને પાવર સેક્ટરની પણ આ આર્થિક ગતિને વેગ આપવામાં મહત્વની ભૂમિકા રહી છે.

ફેબ્રુઆરી 2026માં આઇઆઇપીનું સ્તર 159 હતું જે ગયા વર્ષના સમાન મહિનામાં 151.1 હતું. આ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં સતત વિસ્તરણની વાત કરે છે. મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં 6 ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાઇ છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 23 ઇન્ડસ્ટ્રી ગ્રુપમાંથી 14માં પોઝિટિવ ગ્રોથ નોંધાયો છે.

ફેબ્રુઆરીમાં ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન 5.2 ટકાના દરે વધ્યું હતું. આ વૃદ્ધિ મુખ્યત્વે મેન્યુફેક્ચરિંગ સેક્ટરના સારા પ્રદર્શનને કારણે છે. ગયા વર્ષે ફેબ્રુઆરી 2025માં ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકે 2.7 ટકાની વૃદ્ધિ નોંધાવી હતી.

સરકારે જાહેર કરેલા આંકડા અનુસાર જાન્યુઆરી 2026 માટે ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિના કામચલાઉ અંદાજમાં સુધારો કર્યો છે. તે અગાઉના 4.8 ટકાથી વધીને હવે 5.1 ટકા કરવામાં આવ્યો છે. ડેટા અનુસાર, ફેબ્રુઆરી 2026માં મેન્યુફેક્ચરિંગ સેક્ટરના ઉત્પાદનમાં 6 ટકાનો વધારો થયો છે.

શેરબજારમાં છ વર્ષ બાદ સૌથી મોટો માસિક કડાકો

મુંબઈ, તા. 30: માર્ચ મહિનાના છેલ્લા દિવસે ભારતીય શેરબજારમાં વેચવાલી ચાલુ રહેતા સેન્સેક્સ અને નિફ્ટીમાં બે-બે ટકથી વધુના ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે માર્ચ મહિનામાં ભારે વેચવાલીએ કડાકા ભડાકા બોલાયા હતા. જે છેલ્લા છ વર્ષમાં સૌથી મોટો માસિક ઘટાડો દર્શાવે છે. પશ્ચિમી એશિયાના તણાવ, નબળો રૂપિયો, ક્રુડના ઉકળતા ભાવો તથા વિદેશી રોકાણકારોની સતત વેચવાલીના લીધે શેરબજારમાં સતત ઘટાડો જોવા મળ્યો છે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/ડેપલોન	રૂ.	૭૫/૩૬	''	૧૩૫	----- ---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૯	૫૦/૩૬	''	૧૪૬	૮૦/૭૨ બ્લેક રોટો ૧૪૦
૩૦/૩૬ એફડી	૨૭૬	૫૦/૪૮ SD/ક્રેપ		૨૩૦	ગાર્ડન
લોકલ		RIL રિલાયન્સ			૪૯/૨૪ એફડીવાય ૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ		૧૩૬	૩૦/૧૪ ક્રિમ્પ ૧૮૦
૬૮/૩૬	૧૩૯	૧૧૪.૧૩ રોટો		---	૬૨ ક્રિમ્પ ૧૪૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ		૧૩૫	૬૮ ક્રિમ્પ ૧૪૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪	વેલનોન (જીએસટી સાથે)			૭૨ ક્રિમ્પ ૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫	૮૦/૭૨ રોટો		૧૪૧	૭૫ ક્રિમ્પ ૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર		૧૪૭	૮૦ ક્રિમ્પ ૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૮	૧૬૦ ડીસ્કેટ		૧૪૭	૮૦/૭૨ રોટો ૧૩૯
૮૦/૩૬ રોટો.	૧૩૯	---		---	૩૦/૨૪ બ્રાઇટ ---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮	''	૧૨૪	૩૦/૩૬ એફડી ---
					TPM ૧૩૮

Surat Municipal Corporation
North Zone (Katargam)
FIT INDIA

E-Tender (Online) Invitation Notice: DEPUTY MUNICIPAL COMMISSIONER/NZ/18/2025-26 the Tenders are invited online on https://smctender.nprocure.com from Experienced Government approved Contractor with following schedule:

NAME OF DEPARTMENT	NO. OF WORK	TOTAL ESTIMATED COST
ROAD	04	40,08,16,787.26+GST
DRAINAGE	02	67,58,546.62+GST
GARDEN	01	41,07,747.11+GST

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

Deputy Municipal Commissioner [D]
North Zone (Katargam)
Surat Municipal Corporation

NO.P.R.O./781/2025-26
Date:- 30-03-2026

સુરત મહાનગરપાલિકા
શ્રી તાપી ભવન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, તાપીપુરા, સુરત
(વેબસાઇટ : https://www.suratmunicipal.gov.in)
FIT INDIA
જાહેરાત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલના બાયોમેડીકલ વિભાગ ખાતે સા.સ.ઠ.નં.૪૬૬/૨૦૨૨, તા.૨૭/૦૭/૨૦૨૨ થી ૧૧ માસ માટે ઉપસ્થિત કરવામાં આવેલ બાયોમડીકલ ઈજનેરની હાલ ખાલી કુલ-૦૨ જગ્યાઓ કરારીય ધોરણે માસિક ફીકસ વેતનથી તા.૨૯/૦૯/૨૦૨૬ સુધી ભરતી કરવા તથા પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસે ફકત ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

હોદ્દો	બાયોમેડીકલ ઈજનેર (કરારીય) (સંખ્યા-૦૨)
લાયકાત	બી.ઈ.(બાયો મેડીકલ એન્જીનીયરીંગ) અથવા બી.ઈ.(બાયો મેડીકલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જીનીયરીંગ) અને તે પાસ કર્યા બાદ હોસ્પીટલ ઈકવીપમેન્ટસની કામગીરીનો ૨ (બે) વર્ષનો અનુભવ.
વયમર્યાદા	૩૫ વર્ષથી વધુ નહી.
માસિક અવેજ	રૂા. ૩૦,૦૦૦/- ફીકસ

ઉકત જગ્યાઓ માટે સંપુર્ણ થયેલ રજીસ્ટ્રેશનની નકલ ફરજિયાતપણે લાવવાની રહેશે તેમજ સદર જગ્યાઓ નિયમ મુજબ ફીકસ વેતનથી કરાર આધારીત ભરતીના નિયમો અને શરતોને આધિન ભરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ જાતના ભથ્થા અને નાણાંકીય લાભ ચુકવવામાં આવશે નહી.

ઉકત જગ્યાઓ માટે અરજદારે https://www.suratmunicipal.gov.in ની વેબસાઈટ પર તા.૦૪/૦૪/૨૦૨૬ (સમય : સવારે ૧૧:૦૦ કલાક) થી તા.૧૪/૦૪/૨૦૨૬ (સમય : રાત્રે ૧૧:૦૦ કલાક) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉકત જગ્યાઓ માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ વિગતવાર જાહેરાત જોઈ લેવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીકુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧-૨૪૨૩૭૫૧-૫૬ એકસ-૨૩૧ અથવા એકસ-૨૯૯ ઉપર સંપર્ક કરવો.

નં.પીઆર.ઓ./૭૮૭/૨૦૨૫-૨૬
તા. ૩૦/૦૩/૨૦૨૬
ડેપ્યુટી મ્યુનિ.કમિશનર (ડી.)
સુરત મહાનગરપાલિકા.

PRAJHANS®
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
ખૂંખાર એકશન...
ધુરંધર-2
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૧૫, ૧.૨૦, ૩.૩૦, ૪.૪૫, ૫.૪૦, ૮.૩૦, રાત્રે ૯.૧૫, ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

બેંક ઓફ ઇંડિયા Bank of India BOI
વરાછા રોડ શાખા : રૂબી ટ્રેડ સેન્ટર, રાજહંસ કોમ્પલેક્ષ નજીક, સુરત, ગુજરાત–૩૯૫૦૦૬
Email: varachharoad.Surat@bankofindia.bank.in

કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી **બેંક ઓફ ઈન્ડિયા, વરાછા રોડ શાખા રૂબી ટ્રેડ સેન્ટર, રાજહંસ કોમ્પલેક્ષ, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૬** ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૩/૦૧/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર વિકાસભાઈ સુરેશભાઈ ભલાલા, સહ દેવાદાર પ્રીતેશ સુરેશભાઈ ભલાલા,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૪,૩૫,૯૫૪.૩૦/– (અંકે રૂા. ચૌદ લાખ પાત્રીસ હજાર નવ સો ચોપ્પન અને ત્રીસ પૈસા પુરા) તા. ૨૯/૧૦/૨૦૨૫ ના રોજ લાગુ કરેલ વ્યાજનો દર** આ નોટીસ પ્રાપ્તીની તારીખથી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર /જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩(૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૭મી માર્ચ ૨૦૨૬** ના રોજ સંપત્તિનો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા,વરાછા રોડ શાખા રૂબી ટ્રેડ સેન્ટર, રાજહંસ કોમ્પલેક્ષ, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૬ રકમ ૧૪,૩૫,૯૫૪.૩૦/– (અંકે રૂા. ચૌદ લાખ પાત્રીસ હજાર નવ સો ચોપ્પન અને ત્રીસ પૈસા પુરા)** + તેના ઉપરના વ્યાજ અને અન્ય ચાર્જીસ ઓછી વસુલાત.

દેવાદારો/જામીનદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) એ અધિકૃત અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અહીં ઉલ્લેખિત મિલકતનો વાસ્તવિક અને ખાલી કબજો સોંપવાનો રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સહિત જમીન અને બિલ્ડીંગ કે જે શ્રી શુભ રેસીડન્સી, નો પ્લોટ નં. ૪૫, વન્ડર, ગામ. વાવ જોખા રોડ, કામરેજ, કઠોદરા રોડ, જોખા કામરેજ, સુરત– ૩૯૪૧૮૦ ખાતે **CERSAI** રજીસ્ટેશન **ids ૨૦૦૦૪૫૩૦૪૫૪** એરીયા જમીન ૬૬.૮૬ ચો.મી, **શ્રી વિકાસભાઈ સુરેશભાઈ ભલાલા અને પ્રીતેસ સુરેશભાઈ ભલાલા** ની માલિકીની આવેલ છે. **જેની ચતુર્દિશા (સાઈટ મુજબ) : પૂર્વ તરફ :** જોડેનો પ્લોટ નં.૪૬, **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં. ૪૪, **ઉત્તર તરફ :** જોડેનો સોસાયટી રોડ, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં.૫૨

(એમઓઈ મુજબ) : પૂર્વ તરફ : જોડેનો પ્લોટ નં.૪૬, **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં. ૪૪, **ઉત્તર તરફ :** જોડેનો સોસાયટી રોડ, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં.૫૨

તા.૨૭.૦૩.૨૦૬ । સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, વરાછા રોડ શાખા

ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

ઈરાનનું ભૂમિયુદ્ધ અમેરિકા માટે બેટલ ઓફ વોટરલૂ જેવું પુરવાર થશે?

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હાલત હાર્યો જુગારી બમણું રમે તેવી છે. અમેરિકાએ અને ઈઝરાયેલે મળીને જ્યારે ઈરાન પર આક્રમણ કર્યું ત્યારે તેમણે ધારી લીધું હતું કે એકાદ અઠવાડિયામાં ઈરાન શરણે આવશે અને યુદ્ધનો અંત આવશે. તેના બદલે યુદ્ધ લાંબું ચાલ્યું છે. એક મહિનાના યુદ્ધ પછી પણ ઈરાન જરાય ઢીલું પડ્યું નથી. ઈરાનની ટોચની નેતાગીરીને અમેરિકાએ ખતમ કરી નાખી તે પછી પણ બીજી હરોળના નેતાઓ આગળ આવીને બમણા ઝનૂનથી લડી રહ્યા છે. ઈરાને તેલ અવીવ ઉપરાંત ગલ્ફના દેશો પર મિસાઈલ હુમલા કરીને અમેરિકાના તમામ લશ્કરી અડ્ડાઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ઈરાને હોર્મુઝની સામુદ્રધૂની બ્લોક કરીને આખી દુનિયાનો ઊર્જાનો પુરવઠો ખોરવી કાઢ્યો છે. અમેરિકા લાચાર બનીને ઈરાનની આ દાદાગીરી જોઈ રહ્યું છે. ઈરાને હોર્મુઝમાં અમેરિકાનું નાક કાપ્યું તેનો બદલો લેવા ડોનાલ્ડ ટ્રમ્પ હવે તેમના સૈનિકો ઈરાનમાં મોકલવા તૈયાર થઈ ગયા છે. તેઓ માને છે કે અમેરિકાના સૈનિકો ઈરાનના ખાર્ગ ટાપુ પર પ્રવેશ કરશે ત્યારે ઈરાનના સૈનિકો શરણે આવશે, પણ તેમની આ માન્યતા શેખચલ્લીના તરંગો જેવી છે. ભૂતકાળમાં અમેરિકાએ વિયેતનામ, અફઘાનિસ્તાન, ઇરાક, સોમાલિયા વગેરે જે દેશોમાં પોતાના સૈનિકો મોકલ્યા છે, ત્યાં હજારોની સંખ્યામાં અમેરિકન સૈનિકોની કતલ થઈ ગઈ છે, પણ તેઓ એક પણ યુદ્ધ જીતી શક્યા નથી. ઈરાનમાં પણ અમેરિકાના સૈનિકોની હાલત ખરાબ થવાની છે, કારણ કે ઈરાનના સૈનિકો ઝનૂનથી લડે તેવા છે. બીજી બાજુ અમેરિકાના સૈનિકો પારકી પ્રજા માટે શહીદ થવા બહુ ઉત્સુક નથી. અમેરિકામાં પણ ઈરાન સામેના યુદ્ધનો પ્રચંડ વિરોધ થયો છે અને લોકો લાખોની સંખ્યામાં રસ્તાઓ ઉપર ઊતરી આવ્યા છે. જો યુદ્ધમાં અમેરિકાના થોડાક પણ સૈનિકો મરશે અને તેમનાં કોફીનો ઘરે આવશે તો અમેરિકાના લોકોનો યુદ્ધનો વિરોધ તીવ્ર બનશે. અમેરિકા આ યુદ્ધ જીતી શકે તેમ નથી. ડોનાલ્ડ ટ્રમ્પ માટે તો ઈરાનનું યુદ્ધ બેટલ ઓફ વોટરલૂ જેવું પુરવાર થવાની તમામ શક્યતાઓ છે.

પેન્ટાગોનની યોજના ઈરાનમાં અઠવાડિયા સુધી મર્યાદિત ભૂમિ આક્રમણ કરવાની છે, જેમાં ખાર્ગ ટાપુ અને હોર્મુઝ સ્ટ્રેટ નજીકના દરિયાકાંઠાનાં સ્થળો પર દરોડા પાડવાનો સમાવેશ થઈ શકે છે. અમેરિકા દ્વારા ખાર્ગ ટાપુ કબજે કરવા માટે મધ્ય પૂર્વ માટે ૧૦,૦૦૦ જેટલા વધારાના ભૂમિ સૈનિકો મોકલવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે, જેમાંથી ૧,૫૦૦ સૈનિકો પહેલાંથી જ અમેરિકન સૈન્યના ૮૨મા એરબોર્ન યુનિટમાંથી તૈનાત છે. અમેરિકન નૌકાદળનું યુએસએસ ટ